**ફોજદારી કેસ નં. ૯૭/૨૦૧૮**

**<u>આંક– ૨૪ ની સમાધાન પુરશીષ લગત હુકમ</u>**

(૧) હાલની સમાધાન પુરશીષ આરોપી અને ફરીયાદી ધ્વારા આપવામાં આવેલી છે. અરજી અન્વયે આરોપીના વિ.વ.શ્રી ની રજુઆતો સાંભળી. અરજી અનુસંધાને ફરીયાદીને તેમજ વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો સાંભળી. આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ગઈ તા. ૧૧/૦૨/૨૦૧૭ ના પહેલા કોઈપણ સમયે મોજે–પીપળી, તા. ધોલેરા ખાતે ફરીયાદી ને સ્વરક્ષણ હથિયાર પરવાનો અપાવવા સારૂ ફરીયાદી પાસેથી રોકડા રૂ. ૩,૫૦,૦૦૦/– મેળવી અધિક સચીવશ્રી એમ.એસ.ડાંગુર(આઈ.એમ.એસ.) ગુજરાત રાજય, ગાંધીનગર નાઓની ખોટી સહી વાળો ક્ર માંક હુકમ નંબર ૧૧૭૮/૧૭, તા.૧૦/૦૨/૨૦૧૭, વાળો ખોટો અને બનાવટી હુકમ બનાવી તેનો સાચા તરીકે ફરીયાદીના મોબાઈલ ઉપર વોટસઅપ માં પી.ડી.એફ. મોકલી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા આઈ.ટી. એકટ ની કલમ ૬૬(સી) મુજબ નો ગુનો આચરેલ હોવાનું ચાર્જશીટ દાખલ થયેલ છે.

(૨) ઉલ્લેખનીય છે કે, આરોપી સામે આક્ષેપાયેલ ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ પુરતુ સમાધાન કરવા પરવાનગી અરજી આંક–૨૩ થી રજુ કરવામાં આવેલી, જે સમાધાન પરવાનગી અરજી અદાલત ધ્વારા આજરોજ ના–મંજુર કરવામાં આવેલી છે. જેથી પક્ષકારો ને ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ ના ગુના માટે સમાધાન કરવા પરવાનગી આપવામાં આવેલ ન હોય, આવા સંજોગોમાં આરોપી ની ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ પુરતુ સમાધાન નોંધવાની ની રજુઆત અગ્રાહય રાખી પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ હાલની સમાધાન પુરશીષ ફાઈલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩/૦૯/૨૦૨૫
સ્થળ: ધોલેરા

(પી.એન.લાખાણી)
જયુડી.મેજી.ફ.ક., ધોલેરા
જી.જે.૦૧૫૬૫